



RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 262
Dt.: 27-07-2025, Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### વિશ્વમાં પીએમ મોદીનું કદ ફરી એકવાર વધ્યું

# વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા મોદી, ટ્રમ્પ ૮મા ક્રમે



## સર્વે યુએસ બિઝનેસ ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટ દ્વારા ૪ થી ૧૦ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર દુનિયા સામે પોતાની ક્ષમતા સાબિત કરી છે. તેઓ ફરી એકવાર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે.

અમેરિકન બિઝનેસ ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે જુલાઈ ૨૦૨૫નો નવીનતમ સર્વે રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં પીએમ મોદીને ૭૫ ટકા લોકોની મંજૂરી રેટિંગ મળી છે, જ્યારે આ સર્વેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૮મા ક્રમે આવ્યા છે. આ સર્વે ૪ થી ૧૦ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યો હતો. તેમાં ૨૦ દેશોના નેતાઓના રેટિંગનો સમાવેશ થાય છે. આ યાદીમાં પીએમ મોદી પછી દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ ૫૯ ટકા મંજૂરી રેટિંગ સાથે બીજા ક્રમે રહ્યા છે, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૪૫ ટકાથી ઓછા સાથે ૮મા ક્રમે છે.

મોર્નિંગ કન્સલ્ટ સર્વે અનુસાર, પીએમ મોદીનું કદ વધુ વધ્યું છે, પછી ભલે તે દેશની અંદર હોય કે બહાર. સર્વેમાં સામેલ ૭૫ ટકા લોકોએ વડાપ્રધાન મોદીને લોકશાહી વૈશ્વિક નેતા તરીકે સ્વીકાર્યા છે. ૭ ટકા લોકો આ અંગે કોઈ નિર્ણય લઈ શક્યા નહીં, જ્યારે ૧૮ ટકા લોકોનો મત અલગ હતો. આ યાદીમાં બીજું સ્થાન મેળવવું એ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ માટે એક મોટી સિદ્ધિ છે, કારણ કે તેમણે દક્ષિણ કોરિયામાં સર્વોચ્ચ પદ સંભાળ્યાને માત્ર એક મહિનો થયો છે.આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મેઈલી, જેમને જમણેરી માનવામાં આવે છે, આ યાદીમાં ત્રીજા નંબરે હતા, તેમના પક્ષમાં ૫૭ ટકા મત પડ્યા હતા, જ્યારે ૬ ટકા લોકોએ કોઈ અભિપ્રાય આપ્યો ન હતો અને ૩૭ ટકા સહભાગીઓએ તેમને નકારી કાઢ્યા હતા. સૌથી ઓછા લોકપ્રિય નેતાઓમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને ચેક રિપબ્લિકના વડા પ્રધાન પેટ્ર ફિઆલાનો સમાવેશ થાય છે, જેમને ફક્ત ૧૮ ટકા લોકોનું સમર્થન મળ્યું છે જ્યારે ૭૪ ટકા લોકો તેમનાથી અસંતુષ્ટ છે. તે જ સમયે, ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની ૧૦મા સ્થાને છે.

### મહારાષ્ટ્રમાં ભાષા વિવાદઃ અજિત પવારનું નિવેદન

## મહારાષ્ટ્રમાં રહેતા અન્ય ભાષાના લોકોએ મરાઠીનો આદર કરવો જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં ભાષાના વિવાદે જોર પકડ્યું છે, ત્યારે રાજ્યના ડેપ્યુટી સીએમ અને એનસીપીના વડા અજિત પવારે આ મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપી છે.

તેમણે ભારપૂર્વક કહ્યું કે દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષાનો આદર કરવો જોઈએ અને તેના પર ગર્વ અનુભવવો જોઈએ. જો મહારાષ્ટ્રમાં રહેતા અન્ય ભાષાના લોકો મરાઠી જાણતા નથી, તો તેમણે આક્રમક વલણ ટાળીને નમ્રતાપૂર્વક મરાઠી ભાષા શીખવાનો પ્રયાસ કરવો જોઈએ. અજિત પવારનું આ નિવેદન ભાજપના સાંસદ નિશિકાંત દુબે અને એમએનએસ પ્રમુખ રાજ ઠાકરે વચ્ચેના તાજેતરના શાબ્દિક યુદ્ધ બાદ આવ્યું છે, જેણે આ વિવાદને વધુ તીવ્ર બનાવ્યો છે.

મીડિયા સાથેની વાતચીતમાં અજિત પવારે કહ્યું કે, જો મહારાષ્ટ્રમાં રહેતા અન્ય ભાષાના લોકો મરાઠી ભાષા જાણતા નથી, તો તેમણે મરાઠીનો આદર કરવો જોઈએ અને કોઈપણ આક્રમક વલણ વિના મરાઠી ભાષા શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.

તેમણે સ્પષ્ટ કર્યું કે, "જો મહારાષ્ટ્રમાં રહેતા અન્ય ભાષાના લોકો કહે કે અમે મહારાષ્ટ્રમાં રહીએ છીએ, પણ મરાઠી એટલી સારી રીતે નથી આવડતી, પણ અમે મરાઠીનો આદર કરીએ છીએ. અમારી ભાષા હિન્દી કે અંગ્રેજી છે, પણ અમે ચોક્કસપણે તે શીખવાનો પ્રયાસ કરીશું. જો કોઈ આટલું બધું કહે, તો કંઈ ખોટું નહીં થાય."

તેમણે ઉમેર્યું કે, ક્યારેક કેટલાક લોકો પ્રતિક્રિયા આપે છે કે હું મરાઠી બોલવાનો નથી, જે યોગ્ય નથી. પવારે ભાર મૂક્યો કે વ્યક્તિ જ્યાં કામ કરે છે, ત્યાંના લોકોના વિચારો અને લાગણીઓનું પણ સન્માન કરવું જોઈએ અને એકબીજા સાથે સુમેળથી રહેવું જોઈએ. ભાષા વિવાદ અંગે, અજિત પવારે વધુમાં કહ્યું કે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી દરેકને પોતાની માતૃભાષા પર ગર્વ હોવો જોઈએ. તેમણે મરાઠી ભાષાને મળેલા ઉચ્ચ ભાષાનો દરજ્જો પણ યાદ અપાવ્યો. પવારે વર્તમાન પરિસ્થિતિને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કહ્યું કે, ભાષાના નામે જે થઈ રહ્યું છે તે ખોટું છે. તેમણે અપીલ કરી કે, "અહીં રહેતા જે લોકો મરાઠી નથી આવડતા, તેમણે નમ્રતાથી કહેવું જોઈએ કે, અમે મરાઠી નથી જાણતા, અમે શીખવાનો પ્રયાસ કરીશું.

### સંસદમાં સરકારે કહ્યું હવે મળી જશે

## ટ્રેનની તત્કાલ ટિકિટ કેમ મળતી ન હતી તેનું કારણ આવ્યું સામે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગમાં થતી ગરબડની ફરિયાદોને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવેએ IRCTC ના ૨.૫ કરોડથી વધુ યુઝર્સની ID બ્લોક કરી દીધી છે. રેલવેના ડેટા એનાલિસિસમાં કેટલાક યુઝર્સની બુકિંગ પેટર્ન શંકાસ્પદ જણાતા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ શંકાના આધારે જ તેમની ID બ્લોક કરવામાં આવી છે. સંસદમાં એક સવાલના જવાબમાં સરકારે આ માહિતી આપી હતી.સાંસદ એ. ડી. સિંહે સંસદમાં આ મુદ્દે પ્રશ્ન કર્યો હતો. તેમણે પૂછ્યું હતું કે, IRCTC ના કરોડો યુઝર્સની ID શા માટે બંધ કરવામાં આવી, ટિકિટ બુકિંગમાં શા માટે સમસ્યાઓ સર્જાઈ રહી છે અને આને રોકવા માટે રેલવે શું પગલાં લઈ રહ્યું છે? આ પ્રશ્નોના જવાબમાં સરકારે જણાવ્યું કે, ટિકિટ બુકિંગ સિસ્ટમમાં ગેરરીતિઓ રોકવા માટે IRCTC એ તાજેતરમાં ૨.૫ કરોડથી વધુ યુઝર ID ડીએક્ટિવ કર્યા છે. આ યુઝર ID શંકાસ્પદ જણાયા હતા. તેમજ ભારતીય રેલવેએ કન્ફર્મ ટિકિટ બુકિંગ અને ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે કેટલાક વધુ ફેરફારો કર્યા છે. તત્કાલ ટિકિટ બુકિંગમાં અગાઉ અનેક સમસ્યાઓ આવતી હતી, કારણ કે આ એકાઉન્ટ્સ ડીએક્ટિવ નહોતા. ઘણીવાર એવું જોવા મળતું હતું કે તત્કાલ બુકિંગ વિન્ડો ખુલ્યાની થોડી જ મિનિટોમાં બધી ટિકિટો ગાયબ થઈ જતી હતી, કારણ કે એજન્ટ બોટ્સનો ઉપયોગ કરીને બધી ટિકિટો બુક કરી લેતા હતા, જેના કારણે સામાન્ય મુસાફરો ટિકિટ બુક કરાવી શકતા નહોતા. જોકે, હવે આ બદલાવ પછી રેલવે મુસાફરોને મોટી રાહત મળી છે.

રેલવેએ નિયમોમાં કર્યા આ ફેરફાર

- રેલવે ટિકિટ હવે ઓનલાઈન અથવા કમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર પહેલા આવો, પહેલા મેળવો ના આધારે બુક કરી શકાય છે. આ રીતે લગભગ ૮૯% ટિકિટ ઓનલાઈન બુક થાય છે.
- PRS કાઉન્ટર પર પણ ડિજિટલ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવી છે.
- ૧ જુલાઈ, ૨૦૨૫ થી તત્કાલ ટિકિટ IRCTCની વેબસાઈટ કે એપ પર ફક્ત આધાર વેરિફાઈડ યુઝર્સ જ બુક કરી શકશે.
- એજન્ટને તત્કાલ બુકિંગ શરૂ થયાની પહેલી ૩૦ મિનિટ સુધી તત્કાલ ટિકિટ બુક કરવાની મંજૂરી નથી.
- વેઈટિંગ લિસ્ટવાળી ટ્રેનોના સ્ટેટસ પર નિયમિત નજર રાખવામાં આવે છે. તેમજ વધારાની માંગને પહોંચી વળવા માટે, ભારતીય રેલવે સ્પેશિયલ ટ્રેન પણ ચલાવે છે.

ઈમરજન્સી ક્વોટા હેઠળ ટિકિટ બુકિંગ માટેના નિયમોમાં પણ સરકારે ફેરફાર કર્યો છે. પહેલા ઈમરજન્સી ક્વોટાની ટિકિટ માટે યાત્રાના દિવસે જ અરજી કરી શકાતી હતી, પરંતુ હવે ૧ દિવસ પહેલા અરજી કરવી પડશે. આ ક્વોટા સાંસદો, ઉચ્ચ અધિકારીઓ, મેડિકલ ઈમરજન્સી અને વરિષ્ઠ નાગરિકો માટે હોય છે.

### વધુ એક સૈન્ય સંઘર્ષના એંધાણ!

## ચીને ૧૭ ફાઈટર જેટ, ૭ નેવલ શીપ તહેનાત કર્યા : તાઈવાન

(સંપૂર્ણ સમાચાર સેવા)તાઈવાન

દક્ષિણપૂર્વ એશિયાના બે દેશ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સૈન્ય ઘર્ષણ થયા બાદ યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. તો બીજી તરફ તાઈવાન અન ચીન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યો છે.

તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શનિવારે (૨૬મી જુલાઈ) જણાવ્યું કે, શનિવારે સવારે અમારા દેશની આસપાસ ૧૭ ચીની ફાયટર જેટ અને ૭ જહાજો જોવા મળ્યા છે.

જ્યારે ૧૭માંથી ૮ ફાયટર જેટ તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરી લીધી હતી.' નોંધનીય છે કે, ચીનની આ ગતિવિધિને ધ્યનમાં રાખીને તાઈવાનની સેના જવાબી કાર્યવાહી કરી રહી છે.

અહેવાલો અનુસાર, તાઈવાનમાં ચીનની ઘૂસણખોરી સતત વધી રહી છે. શુક્રવારે (૨૫મી જુલાઈ)એ તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'શુક્રવારે સવારે છ વાગ્યે ચીનના ૨૬ ફાયટર જેટ અને ૭ નૌકાદળના જહાજો તાઈવાનની સરહદમાં પ્રવેશ્યા હતા.

આ દરમિયાન ૨૪ ફાયટર જેટે તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરી દીધી હતી.'

## મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનસને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શનિવારે (૨૬ જુલાઈ, ૨૦૨૫) મુંબઈના હાર્ટ ગણાતા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT) પર સુરક્ષા એજન્સીઓ ખળભળાટ મચી ગઈ હતી, જ્યારે એક અજાણ્યા વ્યક્તિએ સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી. ધમકી આપનાર વ્યક્તિએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, સ્ટેશન પર બોમ્બ મૂકવામાં આવશે, જે મુસાફરોના જીવને જોખમમાં મૂકી શકે છે. આ કોલ સીધો મહારાષ્ટ્ર પોલીસના DGP ઓફિસને કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સમગ્ર સુરક્ષા વ્યવસ્થાને એલર્ટ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ, મુંબઈ પોલીસ, રેલ્વે પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા સ્ટેશન પરિસરને ઘેરી લેવામાં આવ્યું હતું અને સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. લગભગ બે કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી, જેના કારણે હાલ રાહત મળી છે, પરંતુ સુરક્ષા વ્યવસ્થા પહેલા કરતા વધુ કડક કરવામાં આવી છે. પોલીસે સ્ટેશન અને આસપાસના વિસ્તારોમાં CCTV ફૂટેજનું નિરીક્ષણ પણ વધુ તીવ્ર બનાવ્યું છે. ધમકીના સંદર્ભમાં, કોલાબા પોલીસ સ્ટેશને IPCની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે અને ફોન કરનારની ઓળખ અને સ્થાન શોધવા માટે સાયબર સેલની મદદ લેવામાં આવી રહી છે. તાજેતરના મહિનાઓમાં, દેશમાં બોમ્બ ધમકીના કેસોમાં ઝડપથી વધારો થયો છે.

### ઓનલાઈન ગેમ્સ અને સટ્ટાબાજી એપ્સ દ્વારા ઠગાઈ

## કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગનો પર્દાફાશ

### ગુડંબા વિસ્તારમાં ચાલી રહેલી આ છેતરપિંડીનો પર્દાફાશ કરતી વખતે પોલીસે ગેંગના ૧૬ લોકોની ધરપકડ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં ઓનલાઈન ગેમ્સ અને સટ્ટાબાજી એપ્સ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગનો પર્દાફાશ થયો છે. ગુડંબા વિસ્તારમાં ચાલી રહેલી આ છેતરપિંડીનો પર્દાફાશ કરતી વખતે પોલીસે ગેંગના ૧૬ લોકોની ધરપકડ કરી છે. આ બધાને સ્મૃતિ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી પકડવામાં આવ્યા હતા, જ્યાંથી આખી ગેંગ ઓપરેટ થતી હતી. ચાલો જાણીએ સમગ્ર મામલો.

પોલીસે ધરપકડ કરાયેલા લોકો પાસેથી ૧ કરોડ ૭ લાખ ૫૦ હજાર રૂપિયા રોકડા જપ્ત કર્યા છે. આ સાથે, ૫૪ મોબાઈલ, ૫ લેપટોપ, ૭૯ એટીએમ કાર્ડ, ૧૩ ચેકબુક, ૨૨ પાસબુક, ૨ ટેબલેટ અને નકલી ટોકન નોટ પણ જપ્ત કરવામાં આવી છે. ગેંગની પદ્ધતિ ખૂબ જ ચાલાક હતી. આ લોકો પહેલા ટેલિગ્રામ એપ દ્વારા લોકોનો સંપર્ક કરતા હતા અને પછી તેમને એક ખાસ ગેમિંગ અને સટ્ટાબાજી એપ ડાઉનલોડ કરવાનું કહેતા હતા. શરૂઆતમાં, લોકોને રમતમાં જીત અપાવવા માટે પ્રેરિત કરવામાં આવતા હતા જેથી તેઓ વિશ્વાસ કરે અને વધુ પૈસા રોકાણ કરે. જ્યારે તેઓએ મોટી રકમનું રોકાણ કર્યું, ત્યારે તેમને હારનો સામનો કરવો પડ્યો અને તેમના પૈસા છીનવી લેવામાં આવ્યા. આ લોકોએ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના નામે બેંક ખાતા ખોલાવ્યા હતા, જેને "ખચ્ચર ખાતા" કહેવામાં આવે છે. લોકો પાસેથી છેતરપિંડી કરાયેલા પૈસા આ ખાતાઓમાં જમા કરવામાં આવતા હતા અને પછી ગેંગના સભ્યોએ છ્સ દ્વારા આ ખાતાઓમાંથી પૈસા ઉપાડી લીધા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાંથી ૧૨ છત્તીસગઢના રહેવાસીઓ અને ૪ ગુજરાતના રહેવાસીઓ છે.

પોલીસ હવે આ ગેંગના નેટવર્કની તપાસ કરી રહી છે જેથી તેની પાછળ બીજું કોણ સામેલ છે અને અત્યાર સુધીમાં કેટલા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે તે શોધી શકાય. પોલીસ કમિશનરે આ સમગ્ર મામલાનો ખુલાસો કરનાર ટીમને ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં આ ગેંગ સાથે સંકળાયેલા વધુ લોકોની પણ ધરપકડ કરવામાં આવશે.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં પ્રમોદ સાહુ, સાજિદ અંસારી, ખેમેન્દ્ર સાહુ, સોહેલ અશરફ ખાન, રિકાશ કુમાર, સચિન કુમાર ગુપ્તા, અભય મિશ્રા, અંશ શર્મા, શંકર બાગ, વિનાયક ચૌહાણ, મોહન સિંહ અને વિજય સાહની છત્તીસગઢના દુર્ગ જિલ્લાના રહેવાસી છે. જ્યારે રાકેશ પ્રહલાદ પટેલ, ગોવિંદ ભાઈ મંગળદાસ પ્રજાપતિ, ગોવિંદ ભાઈ અને રાકેશ કુમાર ગુજરાતના રહેવાસી છે.

સ્મૃતિ એપાર્ટમેન્ટના ફ્લેટ A-403માંથી પોલીસે ત્રણ લેપટોપ, બે નોટ ગણવાના મશીન, ૭૯ ATM, ૨૨ પાસબુક, ૧૩ ચેકબુક, ૫૪ મોબાઈલ, બે ટેબલેટ, ૧૩ નકલી આધાર કાર્ડ જપ્ત કર્યા છે. આ ઉપરાંત, ૫ રૂપિયાની ૯ જૂની નોટો, ૧૦ રૂપિયા, ૫ રૂપિયાની ૯ અને એક રૂપિયાની ૬ મળી આવી છે. છેતરપિંડી કરનારાઓએ આ જૂની નોટોનો ટોકન તરીકે ઉપયોગ કર્યો હતો. ફ્લેટ A-403 મુરાદાબાદમાં રહેતા અરુણ પુષ્પેન્દ્રનો છે, જ્યારે ફ્લેટ A-904 અલીગંજના રહેવાસી એડવોકેટ અબ્બાસ ઝૈદીનો છે. ફ્લેટ માલિકોએ જણાવ્યું હતું કે છોકરાઓએ ઈન્ટિગ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થી હોવાનો દાવો કરીને દલાલ દ્વારા ફ્લેટ ભાડે લીધો હતો. તેમણે પોતાનો આધાર પણ આપ્યો હતો, પરંતુ પોલીસ વેરિફિકેશન કરાવ્યું ન હતું. એપાર્ટમેન્ટમાં રહેતા વિકાસ સિંહ કહે છે કે પોલીસ સ્ટેશનમાં ઘણી વખત વેરિફિકેશન માટે પત્રો મોકલવામાં આવ્યા હતા, પરંતુ કોઈ આવ્યું ન હતું. ગેંગના સભ્યોએ લગભગ છ મહિના પહેલા ફ્લેટ ભાડે લીધા હતા. એવું માનવામાં આવે છે કે ત્યારથી આ છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરપિંડી કરી રહ્યા હતા. એપાર્ટમેન્ટના લોકોએ જણાવ્યું હતું કે છોકરાઓ મોટાભાગે ફ્લેટમાં રહેતા હતા. પૂછવામાં આવતા તેઓ પોતાને ઈન્ટિગ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે ઓળખાવતા હતા. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જના જણાવ્યા અનુસાર, આ છેતરપિંડી કરનારાઓના બોસ વિદેશમાં બેઠા છે. તેમની પાસેથી કેટલાક મોબાઈલ નંબર મળી આવ્યા છે, જેના આધારે તપાસ કરવામાં આવી રહી છે.




# તંત્રી લેખ......

## સંરક્ષણ ક્ષેત્રે સહયોગ

ભારત અને બ્રિટને ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર કર્યા છે, તેનાં પરિણામે બંને દેશના અર્થતંત્રને લાભ મળશે અને વિકાસ ઝડપી બનશે. આ ઉપરાંત સંરક્ષણ ઉદ્યોગમાં પણ ભાગીદારી થશે. બ્રિટનમાં વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ - પંજાબના અલગતાવાદીઓ - લોકશાહીનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને લોકતંત્રને નુકસાન કરી રહ્યા છે, એ વિષય વડાપ્રધાન મોદીએ બ્રિટિશ વડાપ્રધાન કેઈટ સ્ટારર્મર સાથેની મુલાકાતમાં ઉઠાવ્યો હતો. મુક્ત વ્યાપાર કરાર ઉપર સહીસિક્કા થઈ ગયા પછી મોદીએ બ્રિટિશ સરકારનો આભાર માનીને કહ્યું કે, વડાપ્રધાન સ્ટારર્મર અને એમની સરકારે પહેલગામમાં પર્યટકો ઉપર કરેલા ઘાતકી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે અને આતંકવાદ સામેની લડતમાં બેવડાં ધોરણો હોઈ શકે નહીં એ બાબત અમે સહમત છીએ. લોકતંત્રનો દુરુપયોગ અંતિમવાદીઓને કરવા દેવાય નહીં એમ પણ અમે બંને સ્વીકારીએ છીએ. બ્રિટનની ધરતી ઉપર વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ લોકશાહીનો દુરુપયોગ કરી રહ્યા છે, તે બંધ થવું જોઈએ એમ મોદીએ કહ્યું છે. અલગતાવાદીઓ ઉપરાંત આર્થિક ગુનેગારો બ્રિટનમાં છુપાયા છે અને ભારતીય કાનૂન સામે આશ્રય લઈ રહ્યા છે, તે પ્રતિ બ્રિટિશ વડાપ્રધાનનું ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે. હવે આવા ભાગેડુઓને પકડીને ભારતમાં મોકલવા માટે ભારતીય એજન્સીઓને બ્રિટિશ એજન્સીઓનો સહકાર મળશે. ભારતથી ભાગીને બ્રિટનમાં આશ્રય મેળવનારા વિજય માલ્યાનું નામ પણ આ સંબંધમાં ચર્ચાયું હોવાનું મનાય છે. ભારત યુકેના વિઝન-૩૫ દસ્તાવેજનો બંને વડાપ્રધાને સ્વીકાર કરીને સમર્થન આપ્યું છે. વિઝન'નું વાર્ષિક અવલોકન - સમીક્ષા બંને દેશના વિદેશપ્રધાનો કરતા રહેશે. આ સાથે સંરક્ષણ - ઉદ્યોગમાં બંને દેશની વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરીને સહયોગ વધારવાનાં પગલાં ભરશે એવી સમજૂતી થઈ છે.

# વિક્લી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૧,૨૫૩ અને ચાંદીના વાયદામાં રૂ.૨,૭૯૯નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૬ લપસ્યો

**કોટન-ખાંડી વાયદો રૂ.૩૧૦ તેજ: મેન્થા તેલના વાયદામાં નરમાઈ: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૮૪૯૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૯૭૭૫૭ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૪૦૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૮થી ૨૪ જુલાઈના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૮૬૨૭૩.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૮૪૯૨.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૯૭૭૫૭.૫૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૩૭૬.૩૪ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૪૦૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૩૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૦૫૫૫ અને નીચામાં રૂ.૯૭૩૨૦ના મથાળે અથડાઈ, રૂ.૯૭૪૭૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૫૩ના ઉછાળા સાથે રૂ.૯૮૭૨૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૭૫ ઊછળી સપ્તાહના અંતે રૂ.૭૯૨૭૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૯૮ વધી રૂ.૯૯૩૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૪ના ઉછાળા સાથે રૂ.૯૮૬૬૮ થયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૩૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૦૩૮૮ અને નીચામાં રૂ.૯૭૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૭૬૧૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૦૩૮ ઊછળી રૂ.૯૮૬૫૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૧૨૫૨૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૬૬૪૧ અને નીચામાં રૂ.૧૧૨૫૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૧૨૩૩૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૭૯૯ વધી રૂ.૧૧૫૧૩૩ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૨૭૫૨ વધી રૂ.૧૧૪૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૭૫૬ વધી સપ્તાહના અંતે રૂ.૧૧૪૮૮૧ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૨૪૬૦.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જુલાઈ વાયદો રૂ.૧૦.૯ વધી સપ્તાહના અંતે રૂ.૮૯૩.૫ થયો હતો. જસત જુલાઈ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૦.૫ વધી રૂ.૨૬૯.૦૫ થયો હતો. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો રૂ.૫.૨ વધી સપ્તાહના અંતે રૂ.૨૫૪.૨૫ના ભાવે બોલાયો હતો. સીસું જુલાઈ વાયદો રૂ.૧.૬ વધી સપ્તાહના અંતે રૂ.૧૭૯.૬ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૧૩૨૧.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૦૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૫૦૭ અને નીચામાં રૂ.૪૪૮૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૦ ઘટી રૂ.૪૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૬૯૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮૨૪ અને નીચામાં રૂ.૫૬૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૯૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૬ ઘટી રૂ.૫૬૭૨ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૫૬૭૫ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ સપ્તાહના અંતે રૂ.૩૭.૭ ઘટી રૂ.૨૭૧.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૭.૪ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૭૨.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૮૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૭ ઘટી રૂ.૮૯૦ થયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો સપ્તાહના અંતે ખાંડીદીઠ રૂ.૩૧૦ની તેજી સાથે રૂ.૫૬૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૮૪૨૫.૫૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૯૮૦.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૭૧૯૫.૬૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૫૭.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૩.૪૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૦૪.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૫૩.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૦૨.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૪૬૬.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨૮.૫૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૪.૨૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૭૩૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૧૩૩૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૭૭૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૮૫૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૫૭૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૮૨૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૧૬૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૯૯૫૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૭૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૫૪૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૩૨૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૨૨૯૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૭૯૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૯૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૪૮૫ પોઈન્ટ વધી ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

# ખેડૂતને ગ્રામ પંચાયત ચૂંટણીમાં મત નહીં આપવો ભારે પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર તાલુકાના જગામેડી ગામમાં રહેતા અને ખેતીકામ કરતા અવસરભાઈ પરસોત્તમભાઈ ભાલોડીયા નામના ૬૧ વર્ષના ખેડૂત બુઝુર્ગે પોતાના ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી પગ ભાંગી નાખી ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે પોતાના ગામમાં જ રહેતા દિલીપ જીવરાજભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે ઈજાગ્રસ્ત બુઝુર્ગ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અવસરભાઈ કે જેઓએ ગત ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સભ્યપદ માટે ઉભેલા આરોપી દિલીપ ગોહિલને મત આપ્યો ન હોવાથી ગઈકાલે રસ્તામાં આરોપી મળી જતાં તમે મને મત શું કામ નથી આપ્યો, તેમ કહી જીભાજોડી કરી હતી, અને ઉશ્કેરાટમાં આવી જઈ બુઝુર્ગનો પગ ભાંગી નાખ્યો હતો. આ મામલામાં પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઈ. ડી.એ. રાઠોડ હરકતમાં આવી ગયા હતા, અને તાત્કાલિક અસરથી આરોપી દિલીપ જીવરાજ ગોહિલની અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી હુમલામાં વપરાયેલો લોખંડનો પાઈપ પણ કબજે કરી લીધો છે.

### દાતાએ ઓળખ જાહેર ન કરવાની વ્યક્ત કરી ઈચ્છા

# અંબાજી મંદિર ટ્રસ્ટને મળ્યું ૪૦ કિલો ચાંદીનું ગુપ્ત દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી સ્થિત જગતજનની મા અંબાના દર્શન કરવા માટે ભક્તો દૂર-દૂરથી આવતા હોય છે. ભક્તોની ઈચ્છા (માનતા) પૂરી થતાં માં અંબાના ચરણોમાં યથાશક્તિ દાન ચઢાવવતાં હોય છે. ત્યારે તાજેતરમાં એક શ્રદ્ધાળુ દ્વારા યાત્રાધામ અંબાજી સ્થિત સુપ્રસિદ્ધ અંબાજી મંદિર ટ્રસ્ટને અંદાજિત રૂ. ૪૬ લાખની કિંમતનું ૪૦ કિલો ચાંદીનું દાન અર્પણ કરવામાં આવ્યું છે. આ દાનમાં ચાંદીના ભવ્ય દ્વાર, છત્ર અને થાળીનો સમાવેશ થાય છે, જે માતાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યા છે.મંદિર ટ્રસ્ટના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદના એક નનામી શ્રદ્ધાળુ પરિવાર દ્વારા આ અમૂલ્ય ભેટ માતાજીને અર્પણ કરવામાં આવી છે. આ દાતા પરિવારે પોતાની ઓળખ અને ગામ ગુપ્ત રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદના શ્રદ્ધાળુઓએ ગબ્બર ગોખના દરવાજા અને ભૈરવજી મંદિરની જાળીના દ્વાર બનાવી આ ભેટ માતાના ચરણે ધરી છે. અંબાજી મંદિર ટ્રસ્ટના ટેમ્પલ ઈન્સ્પેક્ટર અને વહીવટદારે વિધિવત રીતે આ દાનનો સ્વીકાર કર્યો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે અને જણાવ્યું છે કે આવા નિઃસ્વાર્થ દાનથી મંદિરના વિકાસ કાર્યોને વેગ મળે છે. આ દાન ભક્તોની માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનું પ્રતિક છે.

# દસ્ક્રોઈની કુજાડ પ્રા. શાળા નં - ૨માં બાળ સંસદ ચૂંટણી યોજાઈ




દસક્રોઈ તાલુકાની કુજાડ પ્રાથમિક શાળા નં -૨ માં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયા અને નેતૃત્વના ગુણોથી પરિચિત કરાવવાનો હતો. ચૂંટણી પ્રક્રિયા શરૂ કરતા પહેલા શાળાના વિદ્યાર્થીઓને ચૂંટણીનું મહત્વ અને પદ્ધતિ વિશે સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે મહામંત્રી અને ઉપમહામંત્રી પદ તથા અલગ અલગ પ્રકારના મંત્રીઓ માટે ચૂંટણી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં કુમાર અને કન્યા બંને માટે ઉમેદવારોની સ્વૈચ્છિક પસંદગી કરવામાં આવી હતી. કુલ ૧૫ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થઈ રહેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ નવી બાળ સંસદ સમિતિ શાળાના વિવિધ પાસાઓમાં જેમ કે પ્રાર્થના, રમતગમત, સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓની દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉમેદવારોએ પોસ્ટરો દ્વારા પોતાનો ચૂંટણી પ્રચાર કર્યો હતો અને દરેક વર્ગમાં જઈને પોતાના વચનો અને દ્રષ્ટિકોણો રજૂ કર્યા હતા. આમ, બાળ સંસદ ચૂંટણીની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અનેક વાલીશ્રીઓ જોડાયા હતા.

# નજીવી બાબતે મારમારી કરનાર મહિલાને પાંચ મહિનાની કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરની એક મહિલાને નજીવી તકરારમાં માર મારી ઈજા પહોંચાડનાર મહિલાને કોર્ટે પાંચ મહિના કેદ અને ૧ હજારનો દંડ ફટકાર્યો છે.

આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે,આરોપીના કસૂરના કારણે નિર્દોષ ફરિયાદીને વ્યથા ભોગવવી પડી છે. બનાવ અંગે કેસની હકીકત એવી છે કે શહેરના નાના ચિલોડા વિસ્તારમાં શારદાબહેન જીતેન્દ્રભાઈ મરાઠી પરિવાર સાથે રહે છે. ૨ ડિસે. ૨૦૧૬ના રોજ શારદાબહેનના ઘર પાસે રેતી પડી હતી.

આ મામલે પાડોશમાં રહેતા પ્રિયાબહેન નીલેશભાઈ મરાઠી સાથે માથાકુટ થઈ હતી. જેમાં પ્રિયાબહેન ઉશ્કેરાયા હતા અને શારદાબહેનને ગાળો બોલી માર મારી બાજુમાં પડેલ પતરા વડે ઈજા પહોંચાડી હતી. જેથી આ મામલે શારદાબહેને નરોડા પોલીસ સ્ટેશનમાં પ્રિયાબહેન સામે ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ પોલીસે તપાસ કરી આરોપી મહિલા સામે મેટ્રોકોર્ટમાં ચાર્જશીટ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ કલ્પેશ પી. પાઠકે પુરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટમાં દલીલ કરતા જણાવ્યું હતું કે, આરોપીએ ઈજા કરતા ફરિયાદીને સારવાર લેવી પડી હતી તેના દસ્તાવેજી પુરાવા છે. જે પતરા વડે હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવી હતી તે પણ મુદ્દામાલમાં કબજે કરવામાં આવ્યું છે.

જોકે બચાવ પક્ષ તરફથી પણ મહિલાના વકીલ તરફથી રજુઆત કરવામાં આવી હતી. રજૂઆત બાદ એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કે.એમ.વ્યાસ સાહેબની કોર્ટે આરોપી મહિલાને પાંચ મહિના કેદની સજા ફટકારી છે અને નોંધ્યું હતું કે આરોપીના કસૂરના કારણે નિર્દોષ ફરિયાદીને વ્યથા ભોગવવી પડી છે.

# તરસાઈ સ્ટેશન પર બે વધારાની ટ્રેનોના સ્ટોપેજ મળતાં, ગ્રામજનોએ ડ્રાઈવર અને ગાર્ડને મીઠાઈ ખવડાવીને રેલવે વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક ટ્રેન અને ટ્રેન નંબર ૫૯૫૬૦/૫૯૫૫૭ ભાવનગર-પોરબંદર-ભાવનગર દૈનિક ટ્રેનને તરસાઈ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપ્યો છે.

ઉપરોક્ત બંને ટ્રેનો ૨૫ જુલાઈ, ૨૦૨૫ થી તરસાઈ સ્ટેશન પર રોકાઈ રહી છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, વિગતો નીચે મુજબ છે:-

પોરબંદરથી રાજકોટ અને પોરબંદરથી ભાવનગર જતી બે ટ્રેનોના સ્ટોપેજ મળતાં, ગ્રામજનોએ ડ્રાઈવર અને ગાર્ડને મીઠાઈ ખવડાવીને રેલવે વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો.

ભાવનગર ટર્મિનસથી દરરોજ ચાલતી ટ્રેન નંબર ૫૯૫૬૦ ભાવનગર ટર્મિનસ-પોરબંદર તરસાઈ સ્ટેશન પર ૨૧.૦૧ વાગ્યે પહોંચે છે અને ૨૧.૦૨ વાગ્યે ઉપડે છે. તેવી જ રીતે, પોરબંદરથી ઉપડતી ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર - ભાવનગર ટર્મિનસ દૈનિક તરસાઈ સ્ટેશન પર ૦૭.૪૯ વાગ્યે પહોંચે છે અને ૦૭.૫૦ વાગ્યે ઉપડે છે. રાજકોટથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ - પોરબંદર દૈનિક તરસાઈ સ્ટેશન પર ૧૦.૫૨ વાગ્યે પહોંચે છે અને ૧૦.૫૩ વાગ્યે ઉપડે છે. તેવી જ રીતે, પોરબંદરથી ઉપડતી




ટ્રેન નંબર ૧૯૫૭૨ પોરબંદર - રાજકોટ દૈનિક તરસાઈ સ્ટેશન પર ૧૪.૫૫ વાગ્યે પહોંચે છે અને ૧૪.૫૬ વાગ્યે ઉપડે છે.

### ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમરેલી પોલીસને અભિનંદન પાઠવ્યા

# સાહેબ, મુન્નો રબારીકા અમને હેરાન કરે છે, જમીન ખાતે થવા દેતો નથી, પાંચ લાખ માંગે છે....: નિર્દોષ ખેડૂતના એક મેસેજથી પોલીસે તેની ૧૦ વિઘા જમીન પરત કરાવી

**અમરેલી પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીએ ગુજરાત પોલીસની નાગરિકોની સુરક્ષા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી એકવાર ઉજાગર કરી**

**અનેક ગુનાઓમાં સંડોવાયેલા માથાભારે તત્વને અમરેલી પોલીસે તાત્કાલિક બોલાવીને પોલીસની ભાષામાં સમાજ આપી ને ખેડૂતનું દુઃખ દૂર કર્યુ**

ગુજરાત પોલીસ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોને અસામાજિક તત્વોથી રક્ષણ આપવા સતત પ્રયત્નશીલ છે. આવો જ એક કિસ્સો અમરેલી જિલ્લામાંથી સામે આવ્યો છે, જ્યાં એક ખેડૂતને હેરાન કરતા માથાભારે શખ્સ સામે પોલીસે તાત્કાલિક પગલાં લઈ ભોળા અને નિર્દોષ ખેડૂતની ૧૦ વીઘા જમીન પરત કરાવી છે.

ઘટનાની વિગતો અનુસાર, તા. ૨૯/૦૬/૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લાના ભૂતપૂર્વ પોલીસ અધિક્ષક શ્રી નિર્લિપ્ત રાય દ્વારા હાલના પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાતને એક મેસેજ પ્રાપ્ત થયો હતો. આ મેસેજમાં ભોગબનનાર ખેડૂતે જણાવ્યું હતું કે, "સાહેબ, મુન્નો રબારીકા અમને ખોટે ખોટા હેરાન કરે છે. અમારી જમીન અમારે ખાતે નથી થવા દેતો. જો જમીન




ખાતે કરવી હોય તો રૂ. ૫,૦૦,૦૦૦/- આપવા પડશે." આ મેસેજના આધારે અમરેલી પોલીસે તાત્કાલિક ભોગબનનારનો સંપર્ક કર્યો હતો.

આરોપી શીવરાજ ઉર્ફે મુન્નો રામકુભાઈ વીછીયા (રહે. રબારીકા, તા. જેસર, જિ. ભાવનગર)ની ઓળખ થઈ, જે ૨૦૨૦માં ગુજરાત આતંકવાદ અને સંગઠિત અપરાધ નિયંત્રણ (GUJCTOC) અધિનિયમ હેઠળના કેસમાં આરોપી છે. તેના નામે ખૂન, ખંડણી, ધાક-ધમકી, પચાવી પાડવા અને પ્રોહિબિશન સહિત કુલ ૧૩ ગુનાઓ નોંધાયેલા છે. આરોપીએ ભોગબનનાર બાલાભાઈ જીવાભાઈ બાખલકીયા (રહે. ઈંટીયા, તા. જેસર, જિ. ભાવનગર) અને જમીન વેચનાર રવજીભાઈ શામજીભાઈ જસાણીને ધમકી આપીને બંને પાસેથી રૂ. ૫ લાખની માંગણી કરી રહ્યો હતો.

અમરેલી જિલ્લા પોલીસે તાત્કાલિક ભોગબનનાર અને જમીન વેચનારનો સંપર્ક કરી, તેમને ધાક-ધમકીથી ડરવાની જરૂર નથી તેમ જણાવી સંપૂર્ણ સહકાર આપ્યો. અમરેલી પોલીસે આરોપી શીવરાજને પોલીસની ભાષામાં કડક સમજ આપી, જેના પરિણામે તેણે આ પ્રકરણમાંથી પોતાને અલગ કરી દીધો. આના લીધે ભોગબનનારના વડીલોએ ૩૦ વર્ષ પહેલાં વેચેલી ૧૦ વીઘા જમીનનો દસ્તાવેજ, જે અસામાજિક તત્વોના ડરથી અટકી ગયો હતો, તે તાજેતરમાં ભોગબનનાર ખેડૂતના નામે થઈ શક્યો. અમરેલી પોલીસના આ પગલાંથી ભોગબનનારનો આત્મવિશ્વાસ વધ્યો અને તેઓ હવે જમીનના આધારે ધિરાણ લઈ, પોતાના વિકાસ માટે આગળ વધી શકશે. ભોગબનનારે જણાવ્યું કે તેમને ન્યાય મળી ગયો છે, જેથી તેઓએ આરોપી સામે ફરિયાદ નોંધાવવાની જરૂર લાગતી નથી. અમરેલી પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીએ ગુજરાત પોલીસની નાગરિકોની સુરક્ષા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી એકવાર ઉજાગર કરી છે, તે બદલ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમરેલી પોલીસને અભિનંદન પાઠવ્યા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### ૨૭ જુલાઈ - વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે

# દેશભરમાં મોં અને ગળાના કેન્સરના દર્દીઓ માટે આશાનું સોનેરી કિરણ એટલે ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ(GCRI)

## છેલ્લાં પાંચ વર્ષમાં ૨૫ હજારથી વધુ મોં અને ગળાના કેન્સરના દર્દીઓએ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે મેળવી સારવાર





૨૭ જુલાઈના દિવસને વૈશ્વિક સ્તરે 'વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે' તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વમાં વધી રહેલા મોં અને ગળાના કેન્સર પ્રત્યે જાગૃતિ લાવવા, લોકોને વિવિધ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા પ્રેરિત કરવા તથા મોં અને ગળાના કેન્સરની ઉપલબ્ધ સારવાર અંગે માહિતી પૂરી પાડવામાં ઉદ્દેશ સાથે 'વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે' ઊજવવામાં આવે છે.

આજે વાત કરવી છે અમદાવાદમાં મેડિસિટી ખાતે આવેલી એક એવી સરકાર સંચાલિત હોસ્પિટલની જ્યાં મોં અને ગળા સહિત તમામ પ્રકારના કેન્સરની સારવાર માટે દેશભરમાંથી દર્દીઓ આવે છે અને અહીંયા સારવાર મેળવીને કેન્સરને હરાવીને ઘરે જાય છે.

અમદાવાદ સિવિલ કેમ્પસ ખાતે સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું સોનેરી કિરણ બની રહી છે. ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંચાલિત આ સંસ્થા તેના ઉત્કૃષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે જાણીતું નામ બન્યું છે.

GCRI ખાતે કેન્સરનું સ્ક્રીનિંગ, સારવાર, ટેસ્ટ્સ, સર્જરી, રેડિયેશન, કીમોથેરાપી, દવાઓ તથા અન્ય તમામ સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

**GCRI: કેન્સર સારવારમાં અગ્રેસર નામ**

અમદાવાદના સિવિલ કેમ્પસ ખાતે સ્થિત સરકાર સંચાલિત GCRI હોસ્પિટલ અદ્યતન સુવિધાઓ અને નિષ્ણાત ટીમ દ્વારા દેશભરના દર્દીઓને વિશ્વસ્તરીય સારવાર પૂરી પાડે છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૭૭,૬૫૦ દર્દીઓએ અહીં સારવાર મેળવી, જેમાંથી ૨૫,૪૦૮ (૩૩%) મોં અને ગળાના કેન્સરના દર્દીઓ હતા. આ આંકડો વ્યસન પ્રત્યે સામાજિક જાગૃતિની જરૂરિયાત પણ દર્શાવે છે.

**અદ્યતન આરોગ્ય સેવાઓ**

GCRI વિવિધ સેવાઓ દ્વારા દર્દીઓને વ્યાપક સારવાર આપે છે:

- સ્ક્રીનિંગ અને નિવારણ: ઓક્ટોબર ૨૦૨૧થી શરૂ થયેલી કેન્સર સ્ક્રીનિંગ OPD દ્વારા સરેરાશ ૪૯,૦૦૦થી વધુ લોકોએ વિનામૂલ્યે સ્ક્રીનિંગનો લાભ લીધો, જેમાં ૧૦૪ કેન્સરના કેસો ઓળખાયા.
- સર્જરી: દર વર્ષે સરેરાશ ૫,૪૫૩ મેજર અને ૬,૪૯૪ માઈનર સર્જરીઓ થાય છે.
- કીમોથેરાપી: વાર્ષિક સરેરાશ ૪૮,૫૬૮ સત્રો.
- રેડિયોથેરાપી: ૫,૯૦૬ દર્દીઓને સરેરાશ દર વર્ષે સારવાર.
- બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (BMT): ૨૦૨૪માં ૧૨ વિભાગની બેડ ક્ષમતા ૪થી વધારી ૧૧ કરવામાં આવી.
- રોબોટિક રેડિયોથેરાપી: GCRI દેશની પ્રથમ અને એકમાત્ર સરકાર સંચાલિત હોસ્પિટલ છે, જે 'સાયબર નાઈફ' રોબોટ દ્વારા રેડિયો થેરાપી સારવાર પૂરી પાડે છે.

**વિનામૂલ્યે સારવાર**

PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર મળે છે. ખાનગી હોસ્પિટલોની તુલનામાં પેઈંગ દર્દીઓ માટે પણ ખર્ચ નોંધપાત્ર રીતે ઓછો છે, જેથી કોઈ દર્દી નાણાકીય અછતને કારણે સારવારથી વંચિત રહેતું નથી.

**સામુદાયિક જાગૃતિ અને નિવારણ**

GCRI સમાજમાં કેન્સર પ્રત્યે જાગૃતિ ફેલાવવા સક્રિય છે:

- સ્ક્રીનીંગ કેમ્પ: દર વર્ષે ૧૦૦થી વધુ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન.
- HPV DNA ટેસ્ટિંગ: ૨૦૨૨થી સર્વાઈકલ કેન્સર સ્ક્રીનિંગ માટે વિનામૂલ્યે HPV DNA ટેસ્ટિંગ શરૂ.

GCRIના નિયામક ડો. શશાંક પંડ્યા જણાવે છે, "તમાકુનું વ્યસન મોં અને ગળાના કેન્સરનું મુખ્ય કારણ છે. લોકોએ મહિને એકવાર મોંની જાત-તપાસ કરવી જોઈએ. ચાંદું, મોં ખોલવામાં તકલીફ, કાળા-સફેદ ડાઘ, ખોરાક ગળવામાં મુશ્કેલી જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી જોઈએ."

**સેટેલાઈટ સેન્ટર્સ**

GCRIએ રાજ્યભરમાં સારવારની પહોંચ વધારવા સેટેલાઈટ સેન્ટર્સ સ્થાપ્યા છે:

- રાજકોટ: રાજકોટ સેન્ટર ખાતે ૨૦૨૩થી ૩ બેઠકો સાથે એમ.ડી. રેડિયેશન ઓંક્રોલોજી કોર્સ શરૂ કરાયો છે.
- રાજકોટ, ભાવનગર, સિદ્ધપુર સેન્ટર્સ: રાજ્યભરના દર્દીઓને પોતાના નિવાસસ્થાનની નજીક જ કેન્સરની સર્વસંપન્ન (Compre-hensive) સારવાર ઉપલબ્ધ થઈ શકે તે માટે ઓપરેશન, કીમોથેરાપી અને રેડિયોથેરાપીના નિષ્ણાત ડોક્ટરોની નિમણૂક.

**અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

GCRI રેડિયેશન ઓંક્રોલોજીમાં અગ્રેસર છે, જેમાં અદ્યતન ઉપકરણોનો સમાવેશ થાય છે:

- સાઈબર નાઈફ: ભારતની એકમાત્ર સરકાર સંચાલિત હોસ્પિટલમાં ઉપલબ્ધ.
- અન્ય ઉપકરણો: ત્રણ લિનિયર એસેલરેટર, ભાભાટ્રોન, ઈરિડિયમ યુનિટ, 4D CT સિમ્યુલેટર, ટ્રૂબીમ લિનેક, ટોમોથેરાપી (રૂા.૯૫ કરોડના ખર્ચે). આ ઉપકરણો ઝડપી, સચોટ અને ઓછી આડઅસર સાથે સારવાર પૂરી પાડે છે.

**સિદ્ધિઓ અને માન્યતાઓ**

- **PM-JAY:** ભારતમાં ૨જા ક્રમે શ્રેષ્ઠ સરકાર સંચાલિત સંસ્થા (લાર્જ સ્ટેટ) તરીકે સન્માન.
- **The Week Magazine:** The Week મેગેઝિન દ્વારા ૨૦૨૧-૨૦૨૪ દરમિયાન ભારતની ટોચની ૧૦ ઓંક્રોલોજી હોસ્પિટલોમાં સ્થાન, ૨૦૨૪માં ૯મો ક્રમ.
- NIRF રેંકિંગ: ૨૦૨૨ (૩૭), ૨૦૨૩ (૪૧), ૨૦૨૪ (૪૫), ૨૦૨૪માં ટોપ-૫૦ હોસ્પિટલમાં ગુજરાતની એકમાત્ર હોસ્પિટલ.

**પ્રમાણપત્રો અને ગુણવત્તા**

- NABH: ૨૦૨૧માં એન્ટ્રી-લેવલ એક્રેડિટેશન મળ્યું, ૨૦૨૪માં NABH 5th edition full ac-creditation પ્રાપ્ત કર્યું.
- NABL: ૨૦૨૨માં તમામ લેબોરેટરીઓને માન્યતા.
- NABEC: ૨૦૧૮થી એથિક્સ કમિટીને માન્યતા.

GCRI માત્ર કેન્સરની સારવાર જ નહિ, પરંતુ જાગૃતિ, નિવારણ અને સંશોધનમાં પણ અગ્રેસર છે. GCRI સંસ્થા તમાકુ જેવા વ્યસનો સામે લડવા અને દર્દીઓના જીવનમાં સુધારો લાવવા સતત પ્રયાસરત છે. વ્યસનમુક્તિ અને નિયમિત તપાસ દ્વારા આપણે કેન્સર સામેની લડાઈ જીતી શકીએ છીએ.

# પોરબંદર દ્વારકા હાઈવે પર ખાનગી બસ પલટી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

પોરબંદર દ્વારકા હાઈવે પર ખાનગી બસ પલટી ગઈ છે. કુરંગા ગામ પાસે અકસ્માતમાં ૧૦થી વધુ લોકોને ઈજા થઈ છએ. દ્વારકા દર્શન કરી યાત્રીકો અમદાવાદ પરત ફરી રહ્યા હતા. રોડ વચ્ચે ગાય આવી જતા ડ્રાઈવરે બસ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દ્વારકા હાઈવે પર કુરંગા ગામ પાસે ખાનગી બસે પલટી મારી ગઈ છે. દ્વારકા દર્શન કરી પરત અમદાવાદ જતા યાત્રિકોથી ભરેલી ખાનગી બસ પલટી ખાઈ જતા ૧૦ થી વધુ લોકોની ઈજાગ્રસ્ત થયા છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર દ્વારા મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (જીએમ) શ્રી વિવેક કુમાર ગુપ્તાએ તારીખ ૨૬.૦૭.૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સંરક્ષા, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામોનું ગહન નિરીક્ષણ કર્યું અને સ્ટેશન પર યાત્રી સુવિધાઓ સહિત મંડળ પર ચાલી રહેલા વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરી. શ્રી ગુપ્તાએ સાબરમતીમાં ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડિપો (આઈસીડી) અને વંદે ભારત ટ્રેન સેટ મેઈન્ટેનન્સ ડેપોની વિશેષ રૂપે મુલાકાત લીધી. આ ડેપોનું નિરીક્ષણ કરીને તેમણે જાળવણી અને સંચાલન સંબંધિત પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કર્યું. તેમણે સાબરમતી અને અમદાવાદ સ્ટેશનો પર ચાલી રહેલા પુનઃવિકાસ કામોનું પણ અવલોકન કર્યું. આ મહત્વપૂર્ણ પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરતાં, જનરલ મેનેજરે અધિકારીઓને તમામ રેલવે પરિયોજનાઓ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે દિશા-સૂચનો આપ્યા. મહેસાણા સ્ટેશન પર જનરલ મેનેજરે રિલે રૂમ, માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફુટ ઓવર બ્રિજ અને પ્લેટફોર્મ સહિત વિવિધ યાત્રી સુવિધાઓનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું. તેમણે યાત્રીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ભાર આપ્યો. અમદાવાદ સ્ટેશન પર મુખ્ય પરિયોજના મેનેજર (આરએલડીએ) શ્રી સંજીવ કુમારે એક પ્રેઝેન્ટેશન મારફતે અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસ કામની અદ્યતન પ્રગતિથી જનરલ મેનેજરને માહિતગાર કર્યા. આ મહત્વપૂર્ણ નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરની સાથે મંડળ રેલવે મેનેજર સહિત અમદાવાદ મંડળના સિનિયર અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. આ નિરીક્ષણ પશ્ચિમ રેલવેના સંરક્ષા માપદંડોને જાળવી રાખવાની, યાત્રી સુવિધાઓને ઉત્તમ બનાવવાની અને ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓને ઝડપથી પૂર્ણ કરવાની કટિબદ્ધતાને દર્શાવે છે.

# કૃપા ઝાની મહિસાગર DPEO તરીકે તાત્કાલિક બદલી કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (ગ્રામ્ય) કૃપા ઝાની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તેમને મહીસાગર જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી (DPEO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અચાનક કરવામાં આવેલી બદલીથી શિક્ષણ જગતમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.


**પશ્ચિમ રેલ્વે - રાજકોટ વિભાગ**

**OHE જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

ટેન્ડર નોટિસ નંબર DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/22

તા.25.07.2025

કાર્યનું નામ: વાંકાનેર, મોરબી અને રાજકોટ TRD ડેપો અને રાજકોટ વિભાગના સુરેન્દ્રનગર-દિગસર વિભાગના અધિકારક્ષેત્રમાં 2 વર્ષના સમયગાળા માટે OHE જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ.

| અંદાજિત કિંમત: ₹ 1,26,98,035.35/- | કમાણી: ₹ 2,13,500/- |
|---|---|

ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા. 22-08-2025 ના રોજ 15:00 કલાક સુધી.

ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001.

વેબસાઇટ વિગતો: www.ireps.gov.in RJT-085

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# શ્રી વેદ પ્રકાશ એ અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર નો કાર્યભાર સંભાળ્યો





ભારતીય રેલવે પરિવહન સેવા (આઈઆરટીએસ) ના ૧૯૯૮ બેચના પ્રતિષ્ઠિત અધિકારી, શ્રી વેદ પ્રકાશ એ તારીખ ૨૬.૦૭.૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના નવા મંડળ રેલવે મેનેજર (ડીઆરએમ) ના રૂપે કાર્યભાર સંભાળ્યો, જે હવે હાજર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્મા પાસેથી લેવામાં આવ્યો છે.

શ્રી વેદ પ્રકાશને રેલવે મંત્રાલય, રેલવે સંચાલન, લોજિસ્ટિક, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા સહિત જનસંપર્કના વિવિધ પાસાઓમાં ૨૫ વર્ષોથી વધારેનો બહોળો અનુભવ છે. આપે સેન્ટ કોલંબસ કૉલેજ, હજારીબાગથી ભૂસ્તરશાત્રમાં બી.એસસી. (ઓનર્સ) ની પદવી પ્રાપ્ત કરી છે અને એમડીઆઈ, ગુડગાંવથી પરિવહન અર્થશાસ્ત્રમાં પ્રમાણપત્ર અને રેલવે સ્ટાફ કૉલેજ, વડોદરાથી પ્રબંધન વિકાસ કાર્યક્રમ પૂર્ણ કર્યો છે.

આ નિમણૂંકથી પહેલાં શ્રી પ્રકાશ રેલવે મંત્રીના વિશેષ કાર્ય અધિકારી (ઓએસડી) ના રૂપે કાર્યરત હતા, જ્યાં આપે દૈનિક રેલવે સંચાલન, રાજસ્વ સૃજન, બુનિયાદી માળખાના નિર્માણ અને ઉચ્ચ-સ્તરીય સાર્વજનિક કાર્યક્રમો અને મંત્રી સ્તરની મુલાકાતોના વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. આપના કાર્યકાળમાં રેલવે મંત્રાલય માટે સોશિયલ મીડિયા સહભાગિતા રણનીતિઓની સફળ યોજના અને અમલીકરણ, અમૃત સ્ટેશનના પુનઃવિકાસની પહેલ સહિત ટ્રેનોના ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ સમારંભોથી સંબંધિત ૧૦૦૦ થી વધુ કાર્યક્રમોનું સંકલન પણ સામેલ છે. આપે અમૃત સ્ટેશનોના પુનઃવિકાસ અને ૧,૫૦૦ આરઓબી/આરયૂબીના બાંધકામ - ૪૦.૫ લાખ લોકોની ભાગીદારી (લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ), આ અગાઉ પ્રથમ તબક્કામાં ૫૦૮ અમૃત સ્ટેશનો પુનઃવિકાસ કાર્યક્રમમાં ૧૧ લાખથી વધુ લોકોની ઉપસ્થિતિ નોંધાવી હતી. ૧૨ માર્ચ ૨૦૨૩ ના રોજ વિવિધ રેલવે પરિયોજનાઓથી સંબંધિત કાર્યક્રમોનું સફળ આયોજન, ૬ લાખથી વધુ લોકોની ઉપસ્થિતિ વગેરે.

શ્રી પ્રકાશની પ્રભાવશાળી કારકિર્દીમાં ડીએફસીસીઆઈએલમાં જનરલ મેનેજર અને ટેલિકોમ કોઓર્ડિનેટર જેવા મહત્વપૂર્ણ નેતૃત્વના પદો સામેલ છે, જ્યાં આપે પરીક્ષણ ટ્રેન સંચાલન શરૂ કરવા અને ડીએફસીસીઆઈએલની બ્રાન્ડ છબી સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

રેલવે મંત્રાલયમાં નિદેશક, કોચિંગ રૂપે, આપે પ્રત્યેક દિવસે ૧૦,૦૦૦ થી વધુ ટ્રેનોના સંચાલનનું કુશળતાપૂર્વક વ્યવસ્થાપન કર્યું, કેટલીય નવી ટ્રેનોની શરૂઆત અને સ્ટોપેજનું વ્યવસ્થાપન કરાવ્યું અને કુંભ મેળા દરમિયાન ૧૫૦૦ વિશેષ ટ્રેનો ચલાવીને અવરજવરનું સફળતાપૂર્વક વ્યવસ્થાપન કર્યું. આપને ૨૦૧૮-૧૯ માં ચૂંટણીના સફળ સંચાલન માટે રેકોર્ડ ફોર્સ મુવમેન્ટના સંબંધમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ચૂંટણીના સફળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

ઓગસ્ટ ૨૦૧૫ થી જુલાઈ ૨૦૧૮ સુધી રેલવે મંત્રાલયમાં સૂચના અને પ્રચાર નિદેશકના રૂપમાં શ્રી પ્રકાશે ભારતીય રેલવે માટે એક સમસ્ત સંચાર રણનીતિ વિકસિત અને અમલી કરાવી અને ૧૭ ઝોન અને ૬૯ મંડળોમાં એક વિશાળ ટીમનું નેતૃત્વ કર્યું. વિવિધ આઉટરીચ પ્રયાસો મારફતે ભારતીય રેલવેના મંત્રીના કાર્યક્રમ, સોશિયલ મીડિયા, સૂચના બ્રોશર, સમાચારપત્ર જાહેરાત વગેરે પર સકુશળ કામ કર્યા.

આપે કાર્યક્રમ સંકલન તરીકે માનનીય વડાપ્રધાનની અધ્યક્ષતામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે રેલવે વિકાસ શિબિર સહિત ૧૩ લાખથી વધુ કર્મચારીઓને સામેલ કરનારા મેગા વિચારમંથન કેમ્પ સહિત મંત્રાલયના ૧૦૦ થી વધુ મેગા કાર્યક્રમોનું વ્યવસ્થાપન કર્યું.

ઉલ્લેખનીય રૂપે સિનિયર મંડળ પરિચાલન મેનેજર, ધનબાદ (જુલાઈ ૨૦૧૦ - ઓગસ્ટ ૨૦૧૫) ના રૂપે આપના કાર્યકાળ દરમિયાન રાજસ્વના સર્જનમાં ઉલ્લેખનીય ૧૦૦% વૃદ્ધિ પ્રાપ્ત કરી જે ૪૭૧૪ કરોડ રૂપિયાથી વધીને ૧૦૦૩૧ કરોડ રૂપિયા થઈ ગઈ અને માલ લોડિંગના જથ્થામાં ૩૫% ની વૃદ્ધિ થઈ. ધનબાદ મંડળને ભારતીય રેલવેના ૧૦૦ મિલિયન ટન લોડિંગ મંડળોની વિશિષ્ટ ક્લબમાં સામેલ કરાવ્યું.

શ્રી પ્રકાશને કેટલાય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે જેમાં ચૂંટણી વ્યવસ્થાપનમાં તેમની ભૂમિકા માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર, ૨૦૦૭ ઉત્કૃષ્ટ સેવાઓ માટે રાષ્ટ્રીય પુરસ્કાર અને બે વખત ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે મહાપ્રબંધક પુરસ્કાર સામેલ છે. આપને ઘણા વર્ષો દરમિયાન સવર્શ્રેષ્ઠ પ્રદર્શન માટે કેટલાય માલ લોડિંગ કાર્યક્ષમતા અને સમસ્ત સંચાલન શિલ્ડ પણ પ્રાપ્ત થયા છે.

આપના વિવિધ અનુભવ, અસાધારણ નેતૃત્વ અને પરિચાલન કુશળતા, રાજસ્વ અને જનસહભાગિતા વધારવાના ઉલ્લેખનીય ટ્રેક રેકોર્ડ અમદાવાદ મંડળ માટે અમૂલ્ય હશે. શ્રી પ્રકાશ ઉત્કૃષ્ટતા અને પ્રભાવક માનવ વ્યવસ્થાપન પ્રત્યે પોતાની કટિબદ્ધતા માટે જાણીતા છે, આ કુશળતા નિઃશંકપણે મંડળને નવી ઊંચાઈઓ તરફ લઈ જશે.




### રૂ.૭૩ કરોડના કામોનું લોકાર્પણ અને રૂ.૩૬૨.૪૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રીશ્રી

# શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત સુરતવાસીઓને રૂ.૪૩૫.૪૫ કરોડના વિકાસ પ્રકલ્પો મુખ્યમંત્રીશ્રી ના હસ્તે મળ્યા

## સુરત શહેરને સુપર સ્વચ્છ લીગમાં અગ્રિમ સ્થાન અપાવનાર, ‘સ્વચ્છ સુરત’ માટે પાયારૂપ સ્વચ્છતાકર્મીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ સંવાદ કરી અભિનંદન પાઠવ્યા








મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં રૂ.૭૩ કરોડના કામોનું લોકાર્પણ અને રૂ.૩૬૨.૪૫ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરીને સુરતવાસીઓને રૂ.૪૩૫.૪૫ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે સુરત મનપા દ્વારા જરૂરિયાતમંદ નાગરિકો માટે નવનિર્મિત ૧૪૯૪ પી.એમ. આવસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો પણ કરવામાં આવ્યો હતો. સુરત શહેરને સુપર સ્વચ્છ લીગમાં અગ્રિમ સ્થાન અપાવનાર, ‘સ્વચ્છ સુરત’ માટે પાયારૂપ સ્વચ્છતાકર્મીઓ સાથે સંવાદ કરી મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

સુરત મનપાની ૧૮ સુમન શાળાઓમાં ઈનોવેટિવ એજ્યુકેશન આપવાના હેતુથી નિર્મિત રોબોટિક લેબ્સ કાર્યરત થઈ છે, જે અંગે સુમન શાળાઓના વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રીશ્રીને AI બેઝ્ડ ઈનોવેટિવ એજ્યુકેશન અંગે માહિતગાર કર્યા હતા. સુરત મનપાના રોબોટિક લેબ્સ નિદર્શન સ્ટોલની મુલાકાત લઈ મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ, નાણા, ઉર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન, પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અડાજણ-પાલના સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આયોજિત સમારોહમાં સુરતવાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત સુરત શહેર- જિલ્લામાં શ્રેણીબદ્ધ વિકાસ કામો થઈ રહ્યા છે. સુરતીઓની સુખસુવિધા વધારતા કરોડોના વિકાસના કામો સુરતના "ઈઝ ઓફ લિવિંગ"માં વધારો કરશે.

છેલ્લા બે દાયકાની સુરતની અવિરત વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં વિવિધ વિકાસ પ્રકલ્પોની વણઝારથી સુરતની કાયપલટ થઈ છે, સુરતવાસીઓની સુખાકારી, ઈઝ ઓફ લિવિંગમાં વધારો થયો છે. સાથોસાથ સુરતે સ્વચ્છતાના ક્ષેત્રમાં દેશભરમાં નવી ઓળખ ઉભી કરી છે. આજના કરોડોના વિકાસકામો સુરતવાસીઓને વિકાસમાં માર્ગે લઈ જવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તેમણે આ વિકાસકાર્યો અને ભવિષ્યલક્ષી આયોજનને સુરત ઈકોનોમિક રિજીયનમાં સામાજિક, આર્થિક, ઔદ્યોગિક ક્ષેત્રે મોટું પરિવર્તન લાવનારા ગણાવી વિકસિત ગુજરાતના નિર્માણમાં સુરત અગ્રિમ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

’સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૪’ અંતર્ગત સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની શ્રેણીમાં સર્વોચ્ચ અંકો મેળવવા સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં દેશભરમાં સર્વોચ્ચ સ્થાન મેળવનાર સુરત મહાનગરપાલિકાને તેમજ સુરતવાસીઓને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા. સ્વચ્છતા અને વિકાસમાં શિરમોર સ્થાન મેળવી સુરત શહેરે ‘સુરત સોનાની મૂરત’ની ઉક્તિ સાર્થક કરી હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સુરતને દેશના સૌથી સ્વચ્છ શહેરોની સુપર સ્વચ્છ લીગમાં સ્થાન મેળવી કાયમી સ્વચ્છ શહેરની સિદ્ધિ બદલ સુરતની સ્વચ્છતા ટીમ અને કર્મચારીઓના પુરૂષાર્થ-પરિશ્રમને બિરદાવતા પાઠવતા જણાવ્યું કે, ‘સ્વચ્છ સુરત’ માટે પાયાના પથ્થર સમાન સૌ સ્વચ્છતાકર્મીઓ સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ બન્યા છે. ખાસ કરીને સ્વચ્છતાને સ્વભાવમાં વણી લઈ સુરતની સ્વચ્છતાને જાળવી રાખવા કર્તવ્યનિષ્ઠ બનવા ભારપૂર્વક અનુરોધ કરી જળ-પર્યાવરણ-ઊર્જા સંરક્ષણ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિ માટે ગુજરાતે ’અર્નિંગ વેલ, લિવિંગ વેલ’ના મંત્ર સાથે શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવીને ‘વિકસિત ગુજરાત@૨૦૪૭’નો રોડમેપ બનાવ્યો છે. સુરત શહેર અને આસપાસના વિસ્તારોના હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે ગ્રોથ હબ તરીકે વિકસાવવાનો પ્લાન અમલી છે, ત્યારે વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ફૂટપ્રિન્ટના લક્ષ્યની દિશામાં ઈ-મોબિલિટી પર ખાસ ભાર મૂક્યો હોવાનું ઉમેર્યું હતું.

૧૦૮ કિમીના બી.આર.ટી.એસ રૂટ સાથે ૪૫૦ ઈ-બસોનું સંચાલન કરી સુરત ગ્રીન મોબિલિટીના ક્ષેત્રમાં દેશભરનું પ્રથમ ક્રમનું શહેર બન્યું છે એનો ઉલ્લેખ કરી તેમણે સુરત મનપા અને અધિકારીઓને બિરદાવ્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૫માં રાજ્યના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં પહેલીવાર શહેરી વિકાસ વર્ષ ઉજવવાની શરૂઆત કરી હતી. જેનાથી ગુજરાતના શહેરીકરણને નવી દિશા મળી છે. સરકારે રાજ્યના શહેરોને વિશ્વ કક્ષાના બનાવવા માટે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવી ‘શહેરીકરણ સમસ્યા નહીં, પણ અવસર’ એવા મંત્ર સાથે નગરો-મહાનગરો અને ગામો ગ્રીન, ક્લીન અને સ્વચ્છ બનાવવા સતત પ્રયત્નશીલ છે. રાજ્યના શહેરો ગ્રીન ગ્રોથ અનૂકૂળ બને એવું રાજ્ય સરકારનું વિઝન હોવાનું કહ્યું હતું.

આજે કારગીલ વિજય દિવસે મુખ્યમંત્રીશ્રીએ કારગીલ યુદ્ધમાં વિજયના પરાક્રમી નાયકો, શહીદ વીર સૈનિકોનું સ્મરણ કરી અંજલિ અર્પણ કરી હતી. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સેનાનું મનોબળ વધારી દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા સાથે વિકાસની રાજનીતિથી વિકસિત ભારતના નિર્માણ માટે દિનરાત કાર્યરત છે, ત્યારે દેશના વડાપ્રધાન તરીકે ૪૦૭૯ દિવસનો કાર્યકાળ પૂર્ણ કરી રાષ્ટ્ર સેવાથી સાચા જનસેવકની પ્રતીતિ કરાવી છે એમ જણાવી યશસ્વી કાર્યકાળ બદલ વડાપ્રધાનશ્રીને શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સુરતનો વિકાસ સમગ્ર દેશ માટે દિશાસૂચક બન્યો છે. સમગ્ર વિશ્વમાં સુરત શહેરે આગામી ૫૦ વર્ષની વસ્તી અને ઔદ્યોગિક પાણીની જરૂરિયાતની પૂર્તિનું આયોજન કર્યું છે. વડાપ્રધાનશ્રીની રાહબરી હેઠળ તથા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત તેજ ગતિથી વિકાસમાર્ગે સતત આગળ વધી રહ્યું છે. સૌથી આગળ રહેવુ એ સુરતની ટેવ અને તાસીર રહી છે. સ્વચ્છતા કર્મીઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, સ્વચ્છતા સુપર લીગમાં સુરતે સમગ્ર દેશમાં સૌથી વધુ ગુણો મેળવ્યા છે. તેમણે સૌ કોઈ સુરતીઓને સ્વચ્છતાનો ઉલ્લેખ કરીને ગૌરવ લેવાનો અનુરોધ કર્યો હતો. સુરતના નાગરિકોએ ગંદકી ન કરતા સ્વચ્છતા રાખવાની જવાબદારી વહન કરવાની હિમાયત કરી હતી.

તેમણે કહ્યું કે, કેચ ધ રેઈનના સંકલ્પમાં સૌના સહયોગ સાથે સમગ્ર દેશમાં આઠ મહિનામાં ૩૨ લાખ રેઈન વોટર હાઈવેસ્ટીગ સ્ટ્રક્ચરોનું નિર્માણ પૂર્ણ થયું છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની વિશેષ ભૂમિકાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, બનાસ ડેરી અને ૨૭ હજાર ખેડૂતોએ જનભાગીદારી સાથે જળસંચયનું અભુતપૂર્વ કાર્ય કર્યું છે. સમગ્ર દેશમાં સાડા છ હજાર નાના મોટા ચેકડેમો આવેલા છે. ૪૦૦૦ બી.સી.એમ.(બિલિયન ક્યુબ મીટર) વરસાદ પડે છે, પણ આપણી જળસંચયની ક્ષમતા ૭૫૦ બી.સી.એમ.ની છે, જેથી વધુને વધુ જળસંચયના કાર્યો કરવાની હાંકલ કરી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રત્યેક ધારાસભ્યને અલગથી રૂા.૫૦ લાખની ગ્રાંટ સાથે કુલ ૧૦૦ કરોડ જળસંચયના કાર્યો માટે ફાળવ્યા છે જે બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

સફાઈ કર્મચારીઓને અભિનંદન આપતાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, શહેરના નાગરિકોએ સ્વચ્છતાની તમામ માર્ગદર્શિકાઓનું પાલન કરી સફળતા મેળવી છે. ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને પૂર્ણ કરવા વડાપ્રધાનશ્રીએ કમર કસી છે. સુરતની સ્વચ્છતા જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે.

મેયર દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, સુરત શહેર આયોજનબદ્ધ રીતે આગળ વધતુ અને ધબકતું શહેર છે. જેમ જેમ સુરત ઝડપી વિસ્તરીત થઈ રહ્યું છે તેમ રાજ્ય- કેન્દ્ર સરકાર અને સુરત મનપા સાથે મળીને લોકોને વધુને વધુ ઈન્ફાસ્ટ્રકચર સહિતની સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે. શહેરે પૂર, પ્લેગ જેવી વિકટ પરિસ્થિતિઓમાં સૌથી સ્વચ્છ શહેર બનવાની ક્ષમતા સાબિત કરી છે. સુરતીઓનો સહયોગ અને સમજદારી આ સફળતાના મૂળમાં છે. સ્વચ્છ સુપર લીગમાં સર્વોચ્ચ સ્થાન મેળવ્યું છે, ત્યારે આ સિદ્ધિમાં પ્રત્યેક સુરતવાસી, સ્વચ્છતાદૂતનું યોગદાન છે. આ વેળાએ ’સુરતઃ ફ્યુચર સિટી ઓફ વિકસિત ભારત@૨૦૪૭’ પુસ્તિકાનું મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ‘સ્વચ્છ સુરત’ માટે પાયાના પથ્થર સમાન સ્વચ્છતાકર્મીઓ સાથે ગ્રુપ ફોટો સેશનમાં ભાગ લઈને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ અગાઉ મુખ્યમંત્રીશ્રીએ ICCC ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર- વેસુ ખાતે સુરત મનપાના કોર્પોરેટરો સાથે બેઠક યોજી હતી.

આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સર્વશ્રી કિશોરભાઈ કાનાણી, સંદીપભાઈ દેસાઈ, અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ, પ્રવિણભાઈ ઘોઘારી, પૂર્ણેશભાઈ મોદી, કાંતિભાઈ બલર, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી, વિવિધ સમિતિના ચેરમેનો, કોર્પોરેટરો તેમજ અન્ય પદાધિકારીઓ, મનપા અધિકારીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પોક્સો કોર્ટનો આદેશઃ ૪ વર્ષની બાળકીની છેડતી કરનારને આજીવન કેદની સજા અને ૭ લાખનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની ૪ વર્ષની બાળકી સાથે છેડતી કરનાર આરોપી સંજય કુમાર બાબુલાલ રાણાને સ્પેશિયલ POCSOના ખાસ જજ અસ્મિકાબેન બી. ભટ્ટએ ગુનેગાર ઠરાવીને આજીવન વર્ષની સખ્ત કેદ અને રૂ. ૭ લાખ દંડ ફટકાર્યો છે. દંડ ના ભરે તો વધુ પાંચ વર્ષની કેદની સજા ફટકારી છે. આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૧માં ૧૧ ફેબ્રુઆરીએ બાપુનગરમાં રહેતી ૪ વર્ષ ૧૧ માસની બાળકીને આરોપી સંજયકુમાર બાબુલાલ રાણાએ ચોકલેટ આપવાની લાલચ આપીને છેડતી કરી હતી. જેની જાણ બાળકીના પરિવારને થતા તેમને બાપુનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસે આરોપી સંજયકુમાર રાણાની ધરપકડ કરીને કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. જે કેસ ચાલતા જ સરકારી વકીલ કમલેશ જૈનએ ૧૧ સાક્ષીઓ અને ૨૧ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સામે ગુનો પુરવાર થયો છે. આરોપીને ફરિયાદી સહિતના સાક્ષીઓએ ઓળખી બતાવ્યો છે, આવા ગુનાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. જેથી સમાજમાં કાયદો વ્યવસ્થા જાળવવા અને ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ જાળવવા માટે, કાયદા અનુસાર આરોપીને મહત્તમ સજા ફટકારવી જરૂરી છે.જ્યારે આરોપી તરફે ઓછી સજા કરવા માટે રજૂઆત કરવા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ પોક્સો કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે. આવા આરોપીઓ બાળકોના માનસિક ડરનો દુરુપયોગ કરી રહ્યા છે અને આ પ્રકારનું કૃત્ય કરી રહ્યા છે. જો આ પ્રકારના કૃત્યને હળવાશથી લેવામાં આવે, તો નાના બાળકોના કોઈ પણ માતા-પિતા તેમના બાળકોને નજીકના વિસ્તારમાં રમવા માટે મોકલશે નહીં.કોર્ટે વધુમાં કહ્યું કે, સ્વાભાવિક રીતે, ૪-૫ વર્ષના બાળકને જોઈને કોઈપણ વ્યક્તિને આવા નાના બાળક પ્રત્યે ફક્ત કાળજી અને પ્રેમની લાગણી થશે. જેથી આરોપીએ જે પ્રકારનું કૃત્ય કર્યું છે તે ફક્ત એક વાસના છે તેથી આ કોર્ટનો મત છે કે આ પ્રકારના આરોપીઓ જે ૪-૫ વર્ષના બાળક સાથે કૃત્ય કરી રહ્યા છે તેમને મહત્તમ સજા થવી જોઈએ. જેથી આરોપીને ગુનેગાર ઠરાવીને આજીવન વર્ષની કેદની સજા ફટકારી જેલના હવાલે મોકલી આપ્યો છે અને સાત લાખ રૂપિયા દંડ પણ ફટકાર્યો છે.

### જાગૃકતા રેલી અને એક પેડ માઁ કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન

# યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત હોમ ગાર્ડસ પશ્ચિમ ડિવિઝન અમદાવાદ દ્વારા હોમ ગાર્ડ્સ પરેડ ગ્રાઉન્ડ ખાતે કારગિલ વિજય દિવસ - ૨૦૨૫ ની ભવ્ય ઉજવણી કરાઈ







MY BHARAT અમદાવાદ, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, ભારત સરકાર દ્વારા હોમ ગાર્ડસ પશ્ચિમ ડિવિઝન ,અમદાવાદ શહેરના વિશેષ સહયોગથી નવરંગપુરા હોમ ગાર્ડ્સ પરેડ ગ્રાઉન્ડ ખાતે કારગિલ વિજય દિવસ - ૨૦૨૫ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તથા જાગૃકતા રેલી અને એક પેડ માઁ કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમોનું સફળ આયોજન જિલ્લા યુવા અધિકારી અમદાવાદ પ્રિતેશ કુમાર ઝવેરીના અધ્યક્ષ સ્થાને કરાયું હતું. ૨૬ જુલાઈ કારગીલ વિજય દિવસના અનુસંધાને નવરંગપુરા પરેડ ગ્રાઉન્ડ ખાતે હોમગાર્ડ અધિકારી/ જવાનો તથા માય ભારત સ્વયંસેવકોની સાથે કારગીલ વિજય દિવસ પર ઈનચાર્જ ડિવિઝન કમાન્ડન્ટ કિરીટભાઈ વાઘેલા અને ડામોર સોમાભાઈ તથા જિલ્લા યુવા અધિકારી દ્વારા વિજય કારગિલ દિવસ પર વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ એક પેડ માં કે નામ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, સાથેજ ભવ્ય જાગૃકતા રેલી કાર્યક્રમમાં પરેડ ગ્રાઉન્ડથી નવરંગપુરા ચાર રસ્તા અને ત્યારબાદ પરત નવરંગપુરા પરેડ ગ્રાઉન્ડ સુધી રેલીનું આયોજન કરાયું હતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હોમ ગાર્ડસના જવાનો અને માય ભારત સ્વયંસેવકોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ૭.૫ કિમી દૂર દુશ્મનનો ખાતમો કરી પરત ફરશે

# અમદાવાદના એન્જિનિયરે બનાવ્યું ગ્રેનેડ હુમલા માટે ખાસ ડ્રોન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હાલમાં જ ભારતીય સેનાએ ચલાવેલા ઓપરેશન સિંદૂરમાં આપણે જોયું કે દુશ્મન દેશને માત આપવા ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થયો હતો.

આવી જ ટેક્નોલોજીનો ઉપયોગ કરી અમદાવાદના એન્જિનિયરે એક એવું કમાલનું ડ્રોન બનાવ્યું છે કે, જે નિર્ધારિત લક્ષ્ય પર પહોંચ્યા પછી ઓર્ડર મુજબ ગ્રેનેડની પિન ખોલી વિસ્ફોટ કરશે. ગ્રેનેડ સાથે ગયેલું ડ્રોન માત્ર દુશ્મન દેશના ઠેકાણાનો ખાતમો બોલાવશે તેટલું જ નહીં સુરક્ષિત પાછું પણ આવશે.

અમદાવાદ રહેતા એન્જિનિયર કેશવકાંત શર્માએ ગતિ નામનું આ ખાસ ડ્રોન ડિઝાઈન કર્યું છે. આ ડ્રોન યુદ્ધ સમયે સેના માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. કારણ કે આ ડ્રોન દુશ્મન દેશની ભૂમિ પર જઈને ગ્રેનેડથી હુમલો કરવા સક્ષમ છે. કેશવકાંત શર્માનો દાવો છે કે આ ડ્રોનનું પરીક્ષણ સેના સામે કરવામાં આવ્યું છે અને ડ્રોન બનાવતી કંપનીને સેના દ્વારા ૨૦થી વધુ ડ્રોન માટે ઓર્ડર પણ આપવામાં આવ્યા છે.

સામાન્ય રીતે, ગ્રેનેડથી હુમલો કરતા પહેલા, ગ્રેનેડની પિન ખોલવામાં આવે છે. ગ્રેનેડની પિન ખોલ્યા પછી, ગ્રેનેડનો લીવર ખુલે છે અને ૪ સેકન્ડ પછી વિસ્ફોટ થાય છે. કેશવકાંત શર્માએ ડ્રોનની ખાસિયત વિશે જણાવ્યું કે, આ ડ્રોન ૫૦૦ મીટરની ઊંચાઈથી ૭.૫ કિલોમીટર સુધી ગ્રેનેડથી નિર્ધારિત લક્ષ્ય પર હુમલો કરવામાં સક્ષમ છે. આ ડ્રોનની ખાસિયત એ છે કે નિર્ધારિત લક્ષ્ય પર પહોંચ્યા પછી, તે ઓર્ડર મુજબ ગ્રેનેડની પિન ખોલે છે અને લીવર છોડી દે છે અને લક્ષ્ય પર વિસ્ફોટ કરી ડ્રોન પાછું આવે છે.

ટેકનોલોજીના આ યુગમાં બે દેશો વચ્ચેના યુદ્ધ દરમિયાન, દુશ્મન દેશની ભૂમિ પર ડ્રોનથી હુમલા કરવામાં આવી રહ્યા છે. ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ દુશ્મન દેશોને ભારે નુકસાન પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

ડ્રોન વિકસાવનાર કેશવકાંત શર્મા જણાવે છે કે આ ડ્રોન ફક્ત સ્થાન પર ગ્રેનેડ ફેંકતું નથી પણ ગ્રેનેડની પિન પણ દૂર કરે છે અને લીવર પણ છોડે છે. ગ્રેનેડ ફૂટવા માટે ગ્રેનેડની પિન દૂર કરવી જરૂરી છે. જો પિન દૂર ન કરવામાં આવે તો ગ્રેનેડ વિસ્ફોટ શક્ય નથી.

આવી સ્થિતિમાં, આ ડ્રોન ગ્રેનેડની પિન દૂર કરે છે અને લીવર છોડે છે. જેના કારણે વિસ્ફોટ નિર્ધારિત સ્થાન પર થઈ શકે છે. આ ડ્રોન બે ગ્રેનેડ સાથે લઈ જઈ શકે છે અને બે અલગ અલગ જગ્યાએ વિસ્ફોટ કરી શકે છે.

### BRTS કોરિડોરમાં સાયકલ લઈને ઘૂસેલા બાળકનો બચાવ

# સુરતમાં સાયકલ ચાલક બાળક બસની અડફેટે આવતા બચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના પુણા સીતાનગર વિસ્તારમાં BRTS કોરિડોરમાં સાયકલ લઈને ઘૂસી ગયેલા એક બાળકનો BRTS બસ ચાલકની સમયસૂચકતાને કારણે આબાદ બચાવ થયો છે. આ ઘટનાના હચમચાવી દેનારા CCTV ફૂટેજ સામે આવ્યા છે. જેમાં બાળક માંડ માંડ બચતો જોવા મળે છે. સુરત શહેરના પુણા ગામ સીતાનગર પાસે એક બાળક સાયકલ લઈને પ્રતિબંધિત BRTS કોરિડોરમાં પ્રવેશી ગયો હતો. પાછળથી આવી રહેલી BRTS બસે હોર્ન વગાડ્યો હતો. જોકે, બાળકે અચાનક BRTS બસની આગળ જ સાયકલનો ટર્ન લીધો હતો. આ ભયાવહ દ્રશ્ય જોઈને BRTS બસ ચાલકે તત્કાળ બ્રેક મારી હતી, જેના પરિણામે બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે, શહેરમાં BRTS કોરિડોરમાં ખાનગી વાહનો પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં, અનેકવાર વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરીને BRTS રૂટમાં પ્રવેશી જતા હોય છે. જેના કારણે અકસ્માતો સર્જાવાની શક્યતા રહે છે. આ ઘટના બાદ મનપા ડેપ્યુટી કમિશનરે ફરી એકવાર લોકોને BRTS કોરિડોરનો ખાનગી વાહનો માટે ઉપયોગ ન કરવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે કમિશનરના પરિપત્ર હોવા છતાં અનેક વાહનચાલકો BRTS કોરિડોરમાં પ્રવેશ કરે છે. ભવિષ્યમાં આવા વાહનચાલકો સામે જરૂર પડ્યે પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવશે. આ ઘટના ફરી એકવાર BRTS રૂટમાં સુરક્ષા અને નિયમોના પાલનનું મહત્વ દર્શાવે છે.

# ડોલર કમાવવાની લાલચમાં નિવૃત ફોરેસ્ટરે રૂપિયા ૨.૪૦ લાખ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના એક નિવૃત ફોરેસ્ટર સાયબર માફિયાઓ દ્વારા ફેસબુકમાં મુકવામાં આવેલી લીંક ક્લિક કરતા સામેથી ગઠિયાઓની ટીમે નિવૃત અધિકારીને ડોલર કમાવવાની લાલચ આપીને માત્ર ૩૫ દિવસમાં ૨.૪૦ લાખ રૂપિયા ઓનલાઈન ખંખેરી લીધાની ફરિયાદ આજે સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જૂનાગઢમાં નવી કલેકટર કચેરી રોડ ઉપર ત્રિવેણી એપાર્ટમેન્ટ પાસે શ્રીધરનગર સોસાયટીમાં રહેતા નિવૃત ફોરેસ્ટ અધિકારી ભીખુભાઈ વલ્લભભાઈ પડશાલા, એક દિવસ બપોરે ઘરે બેઠા હતા, ત્યારે તેઓ મોબાઈલમાં ફેસબુક જોતા હતા, જેમાં તેઓએ શેરબજારમાં રોકાણ કરવાથી સૌથી વધુ પ્રોફિટ મળશે તેવી લોભામણી જાહેરાત વાંચી અને લાલચમાં આવીને તેઓએ તે લીંક ઉપર ક્લિક કર્યું અને સાયબર માફિયાઓની જાળમાં ફસાઈ ગયા હતા.જેમાં રોકાણ માટેનો ચાર્ટ અને મોબાઈલ નંબર આપેલા હતા, જેમાં ક્લિક કરતા તરત કોઈ હિન્દી ભાષી મહિલા અને બાદમાં એક પુરુષનો કોલ આવ્યો અને નિવૃત ફોરેસ્ટ ઓફિસર સાથે ફોનમાં વાત કરીને તેમની કંપનીમાં રોકાણ કરવા અંગે ટીપ્સ આપી હતી અને શેરબજારમાં પૈસાનું રોકાણ કરવાથી જે પૈસાનું ડોલરમાં રૂપાંતર થશે અને વધુ પ્રોફિટ મળશે, જેથી ભીખુભાઈએ સૌપ્રથમ ૧૭,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા અને કંપનીની વેબસાઈટ જોઈ તો થોડા જ દિવસોમાં તે પૈસાનું વળતર ડોલરમાં બતાવવા લાગ્યું હતું.ત્યારે તેઓને વધુ રોકાણ કરવાની લાલચ જાગી અને કટકે કટકે ૫ જેટલા બેંક એકાઉન્ટમાંથી રૂપિયા જમા કરાવ્યા અને એક દિવસ એક ગઠીયાનો ફોન આવ્યો અને કહ્યું કે તમારા ૧૪,૦૦૦ ડોલર જમા થયા છે અને વિડ્રોલ કરવા માટે વધુ પૈસા જમા કરાવવા પડશે. આમ ભીખુભાઈએ કુલ ૨,૪૦,૦૦૦ રૂપિયા જમા કરાવ્યા અને પાછળથી આ રકમ સાયબર ગઠિયાઓએ ચાઉં કરી જતા અંતે પોલીસનો સહારો લેવામાં આવ્યો અને જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

# દેત્રોજ રામપુરા તાલુકા સ્તરની ત્રિમાસિક બેંકરોની સમિતિ (BLBC) બેઠક યોજાઈ

અમદાવાદઃ

દેત્રોજ રામપુરા તાલુકા સ્તરની ત્રિમાસિક બીએલબીસી બેઠક તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે યોજાઈ હતી યોજાઈ હતી.આ બેઠકમાં એજન્ડાના તમામ મુદ્દાઓની પરિશિષ્ટ અનુસાર વિગતે ચર્ચા કરવામાં આવી હતી. લીડ બેંક મેનેજર કિરણ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાન (૦૧/૦૭/૨૦૨૫ થી ૩૦/૦૯/૨૦૨૫ સુધી), અટલ પેન્શન યોજના, સિટીઝન્સ ચોઈસ અભિયાન સહિત H1P2 વિશે ચર્ચા કરાઈ હતી. લીડ બેંક મેનેજરશ્રીએ તમામ બેંકોને કેમ્પના દિવસે અને અભિયાનના સમયગાળામાં PMJDY, PMJJBY, PMSBY, APY, રી-કેઈવાયસી અને વારસદાર નામ નોંધણી માટે કાર્ય યોજના તૈયાર કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં ભાગ લેનાર બેંકોના શાખા મેનેજરોને કેમ્પ દિવસ દરમિયાન મહત્તમ નોંધણીઓ કરવા અને દરેક કેમ્પના ડેટા સાથે ગ્રામ પંચાયતની જગ્યાની તસવીરો જમા કરાવવા માટે સૂચના અપાઈ હતી.



આ સમિતિમાં સામાન્ય રીતે તાલુકા સ્તરે આવેલી વિવિધ બેંકોની શાખાના મેનેજરો અને સરકારના પ્રધાન પ્રતિનિધિઓ મળીને વિકાસ કાર્યો, સરકારની યોજનાઓ અને નાણાકીય સમાવિષ્ટતા અંગે ચર્ચા કરવામા આવે છે, તેમ કિરણ કુમાર ચાવડા, લીડ બેંક મેનેજર, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# મહીસાગર જિલ્લાના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગરમાં ધોધમાં ડૂબવાથી એકનું મોત થયાની ઘટના સામે આવી છે. મહિસાગરના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યા હતા. પ્રિન્સ કુમાર અને સુનીલ ડામોર નામના કિશોર ડૂબ્યા હતા. લુણાવાડા ફાયર ટીમે એકનો મૃતદેહ બહાર કાઢ્યો છે. આ ઘટનાની સ્થાનિક લોકોને જાણ થતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મહીસાગર જિલ્લાના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યાની ઘટના સામે આવી છે. મૂળ રાજસ્થાનના બે કિશોરની બાઈક ધોધની પાસે મળી આવી છે. રાજસ્થાનના યુવકોની બાઈક ધોધની બહાર મળી આવતા બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. લુણાવાડા નગરપાલિકાની ફાયર ટીમ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે.